# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શતસહસ્ર પ્રણામ!

હિમાલયની ચોવીશ યાત્રાઓ થઈ છે. હિમાલય વિશે અઢાર પુસ્તકો લખાયાં છે. આ હિમાલય વિશેનું ઓગણીસમું પુસ્તક લખાયું છે.

મિત્રો અમને પૂછે છે -

"તમે હિમાલય વિશે આટલું બધું કેમ લખો છો?"

અમે શું ઉત્તર આપીએ?

પરંતુ કાંઈક ઉત્તર તો આપવો જ પડે ને!

ઉત્તર આપીએ છીએ -

"અમે હિમાલય વિશે લખતા નથી. હિમાલયદાદા અમારી પાસે લખાવે છે!"

"હિમાલયદાદા કેવી રીતે?"

"લ્યો! એટલુંય ન સમજ્યા? સાંભળો.

હિમાલય પાર્વતીજીના પિતા છે. શંકરના શ્વસુર છે. પાર્વતી હિમાલય પર્વતનાં પુત્રી છે માટે જ તેમનું નામ પાર્વતી પડ્યું છે સમજ્યા?"

"હા, થોડું સમજાય છે!"

"તો પછી કહો, હિમાલય આપણા દાદા ગણાય કે નહીં?"

"હા, બરાબર."

અમે હિમાલયમાં શિખરો સર કરવા જતાં નથી. અમે હિમાલયનાં હિલ સ્ટેશનોમાં મોજમજા કરવા જતાં નથી. અમે હિમાલયમાં જઈએ છીએ, તીર્થોમાં પ્રતિષ્ઠિત શિવ-વિષ્ણુ-જગદંબાનાં દર્શન કરવા માટે!

હિમાલયમાં તીર્થો કેટલાં? ગણ્યાં ગણાય નહીં તેટલાં! અરે! સમગ્ર હિમાલય એક વિશાળ તીર્થ જ છે, તેમ સમજો!

હિમાલયમાં અનેક અને અનેકવિધ તીર્થો છે. હિમાલય સરળતાથી પહોંચી શકાય તેવાં તીર્થો છે અને અતિ, અતિ દુર્ગમ તીર્થો પણ છે. હિમાલય ઘણાં

ગહન ગુપ્ત તીર્થો છે. અહીં આ ગ્રંથમાં આવાં ગહન તીર્થોનું કથન છે અને તદ્નુસાર આ ગ્રંથ છે - 'ગહન હિમાલય.'

હિમાલયમાં વસતાં માનવોની સંખ્યા દસ કરોડથી વધુ છે. હિમાલય ત્રણ હજાર કિલોમીટર લાંબો છે અને ત્રણસો કિલોમીટર પહોળો છે. હિમાલયમાંથી નીકળતાં પાણીનાં ઝરણાંની સંખ્યા દસ હજારથી અધિક છે. હિમાલયમાંથી નીકળતી નદીઓની સંખ્યા ત્રણસો છે. હિમાલયમાંથી નીકળતા ગરમ પાણીના સ્રોતની સંખ્યા એકસોથી વધુ છે. હિમાલયમાં કુદરતી રીતે બનેલાં સરોવરોની સંખ્યા લગભગ એકસો છે. હિમાલયમાં ત્રણ હજાર ગુફા છે.

હિમાલય વિશ્વનાં છ રાષ્ટ્રોમાં ફેલાયેલો છે - ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તિબેટ, નેપાળ અને ભુતાન.

હિમાલય ભારતનાં છ રાજ્યોમાં ફેલાયેલો છે - જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ, મેઘાલય અને અરુણાચલ.

આવા મહાન અને ગહન હિમાલય વિશે ગમે તેટલું લખીએ તો પણ ઓછું જ છે. તો કહો, મારે હિમાલય વિશે લખવું પડે ને!

અમારે મન હિમાલય પર્વતમાળા નથી. હિમાલય તો અમને દેવભૂમિ લાગે છે.

શિવજીનો દિવ્યલોક તો કૈલાસધામ છે. પૃથ્વી પર કૃપા કરીને શિવજીએ પોતાના દિવ્યલોક કૈલાસધામનો એક ટુકડો પૃથ્વી પર મોકલ્યો અને પૃથ્વી પર જડી દીધો. તે જ છે આપણો - હિમાલય!

અમારું ચાલે તો અમે હિમાલયમાં જ રહીએ, પરંતુ બધું આપણું ચાલતું નથી. આપણે બધું જ આપણી ઇચ્છા પ્રમાણે કરી કે પામી શકતા નથી. તેથી અને તદ્નુસાર અમારે વારંવાર હિમાલય જવું પડે છે.

હિમાલય અમારું માદરે વતન છે. ગુજરાતમાં અમે આગંતુક માનવી તરીકે રહીએ છીએ. પૃથ્વી પર ગમે ત્યાં રહીએ માદરે વતન તરફ પ્રીતિ અને આકર્ષણ રહે જ છે. તેથી અમે હિમાલય વારંવાર જઈએ છીએ અને હિમાલય વિશે અપરંપાર લખીએ છીએ.

આ ગ્રંથ 'ગહન હિમાલય'માં અમે હિમાલયનાં કેટલાંક ગહન ગુપ્ત સ્થાનો વિશે લખ્યું છે. અમને આશા છે કે અમારા આ લેખનકાર્યથી અમારા

હિમાલયદાદા અમારા પર પ્રસન્ન થશે અને અમને વારંવાર પોતાની ગોદમાં રહેવા માટે બોલાવશે.

હિમાલયદાદા! આ જન્મે તો અમે તમારી ગોદમાં કાયમી ધોરણે ન રહી શક્યા પરંતુ આવતા જન્મે તો તમારે મને તમારી ગોદમાં આશ્રય આપવાનો છે! અને કાયમી ધોરણે તમારી ગોદમાં જ રહેવાનું છે.

આ ગ્રંથની રચનામાં અમને અનેક મહાનુભાવો અને ગ્રંથો દ્વારા ઘણી સહાય મળી છે. અમે સૌના ઋણનો સ્વીકાર કરીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ.

અને સૌથી અધિક અમે હિમાલયદાદાને વારંવાર પ્રણામ કરીએ છીએ.

સૌનો આભાર!

સૌને વંદન

**– ભાણદેવજી**

૧૭

# કૈલાસ પરિક્રમા

કૈલાસ! હા, કૈલાસધામ!

આ કૈલાસધામ શિવજીનું નિવાસસ્થાન છે!

ઐ કૈલાસધામ શિવ-પાર્વતીનું લીલાસ્થાન ન ગણાય?

ના, લીલાસ્થાન ન ગણાય. શિવજી લીલાપુરુષ નથી, સમાધિપુરુષ છે.

પણ કાલિદાસે 'કુમારસંભવ'માં શિવ-પાર્વતીની લીલાનું વર્ણન કર્યું જ છે. હા, કર્યું છે, પરંતુ તેથી જ કલિદાસને કોઢ નીકળ્યો હતો!

તો શું કહેવું?

આમ કહેવું -

કૈલાસ શિવજીનું નિવાસસ્થાન છે, સમાધિસ્થાન છે, લીલાસ્થાન નહીં! અમે આ શિવજીના સમાધિસ્થાન કૈલાસની તળેટીસમાન દારચેનમાં પહોંચ્યાં. જેમ ગિરનારને જૂનાગઢ તેમ આ કૈલાસને દારચેન!

હજુ ગઈ કાલ સુધી દારચેન થોડાક માલધારીઓના તંબુનું બનેલું સાવ નાનું ગામ હતું, પરંતુ હવે વિશ્વભરનાં યાત્રીઓ - પ્રવાસીઓ કૈલાસની પરિક્રમા માટે આવી રહ્યાં છે. પ્રત્યેક યાત્રીએ યાત્રાના પ્રારંભે અને અંતે દારચેનમાં રોકાણ કરવું જ પડે છે, તેથી હવે અહીં પાકા યાત્રીનિવાસો અને પાકાં મકાનો બન્યાં છે અને વધુ ને વધુ બની રહ્યાં છે. બહુ ઝડપથી દારચેનની કાયાપલટ થઈ રહી છે.

જૂનાગઢની કોઈ ધર્મશાળાના પ્રાંગણમાં બેસીને ગિરનાર દર્શન કરીએ તેમ અમે અહીં દારચેનના અમારા નિવાસસ્થાનેથી કૈલાસનાં દર્શન અનુભવીએ છીએ.

આવતી કાલે સવારે અમે તીર્થરાજ કૈલાસની ત્રણ દિવસની પરિક્રમા માટે નીકળવાનાં છીએ. મોડી રાત સુધી તૈયારીઓ ચાલી. અમારે અમારા સામાનને ત્રણ ભાગમાં વહેંચવાનો છે.

૧. અમારી સાથે રાખવાનો સામાન, જે અમે ઊંચકીને ચાલવાનાં છીએ.

૨. પરિક્રમા દરમિયાન અમારી સાથે રાખવાનો સામાન, જે અમારી સાથેનાં યાક ઊંચકવાનાં છે.

૩. અહીં દારચેનના અમારા યાત્રીનિવાસગૃહમાં મૂકી રાખવાનો સામાન. મોડી રાત સુધી સામાન આમ ત્રણ વિભાગમાં વહેંચીને, ત્રણેયને સારી રીતે બાંધીને અમે થોડો આરામ કર્યો અને વહેલી સવારે ઊઠી ગયાં.

આજે તો ઉત્સાહનો પાર નથી. આજથી અમારે કૈલાસની પરિક્રમાનો પ્રારંભ કરવાનો છે!

કૈલાસપરિક્રમા માર્ગ પર થોડે સુધી બસ અમને મૂકવા માટે આવે છે. રસ્તામાં એક સ્થાન આવે છે. આ સ્થાનમાં પથ્થરમાંથી બનાવેલું એક દ્વાર છે. આ દ્વાર કૈલાસ પરિક્રમાનું દ્વાર ગણાય છે. અહીંથી ખરેખર કૈલાસની પરિક્રમાનો પ્રારંભ થાય છે. આ દ્વારને સૌ 'યમદ્વાર' કહે છે. કૈલાસ પરિક્રમાના દ્વારને 'યમદ્વાર' શા માટે કહેવામાં આવે છે? કોઈકે જેવોતેવો ખુલાસો આપ્યો.

"કૈલાસની પરિક્રમા તો જીવનમરણનો ખેલ છે. જીવતા પાછા અવાય કે ન પણ અવાય, તેથી આ 'યમદ્વાર' કહેવાય છે."

પરંતુ મને આ ખુલાસો પ્રતીતિકર ન લાગ્યો. મેં અમારા ગાઇડ પેન્ચોંગને પૂછ્યું. તેણે સાચો ખુલાસો આપ્યો -

"તમારી શંકા સાચી છે, સ્વામીજી! ખરેખર આ 'યમદ્વાર' નથી, પણ 'શિવદ્વાર' છે. યમદ્વાર તો આ સામેના પહાડની ઉપર છે. આ વિસ્તારમાં અહીંતહીં વિચરતાં માલધારી (nomads) લોકો પોતાના મૃત સ્વજનના અંતિમસંસ્કાર આ પહાડની ઉપર કરે છે. તેઓ મૃતદેહના ટુકડા કરીને પક્ષીઓને ખવડાવે છે.